# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩-A તા.૦૨-૦૫-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ઉચ્ચ પ્રાથમિક શાળામાં કામ કરતા ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ઓનલાઈન ટ્રેનિંગના રજીસ્ટ્રેશન બાબત.

સંદર્ભ :- એસ.એસ.એ./કયુઈસેલ/૧૮/૧૪૭૫૧-૭૯૦, તા.૧-૫-૧૮

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે , શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી રાજયની તમામ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના ગણિત-વિજ્ઞાનના શિક્ષકોને આઈઆઈએમના સહયોગથી ઓનલાઈન તાલીમ આપવાનું આયોજન કરેલ છે. આ અંગે જે શિક્ષક રસ ધરાવતા હોય તેમને માર્ગદર્શન મળી રહે તે માટે તા.૨૬-૪-૧૮ના રોજ બાયસેગના માધ્યમથી રજીસ્ટ્રેશન અંગે માહિતી આપવામાં આવી હતી. જેમાં ગુજરાતના ધો.૬ થી ૮ના ગણિત-વિજ્ઞાનના તમામ શિક્ષકોના બે જૂથ પાડવામાં આવશે. જેમાં જૂથ-૧ SA ના શિક્ષકોને આઈઆઈએમ દ્વારા એક મેસેજ એસએમએસના માધ્યમથી તેમના મોબાઈલ નંબર ઉપર આવશે. જેના આધારે તેમણે પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ રજીસ્ટ્રેશન માટેનો સમયગાળો તા.૨૦-૫-૧૮ થી તા.૧૫-૬-૧૮ રહેશે. તા.૨૦-૫-૧૮ થી શિક્ષક ઈચ્છે તો ઓનલાઈન તાલીમ ચાલુ કરી શકશે અથવા વેકેશન ખુલતા તેમણે ફરજિયાત ઓનલાઈન તાલીમમાં જોડાવવાનું રહેશે. આ માટે www.inshodh.org વેબસાઈટ પર જવાનું છે. આ અંગેની માર્ગદર્શિકા www.ssagujarat.org તેમજ આઈઆઈએમની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ સાથે માર્ગદર્શિકા સામેલ છે. તો આ માટે ગણિત-વિજ્ઞાનના તમામ શિક્ષકોને આ અંગેની જાણ કરશો તેમજ રજીસ્ટ્રેશન કરેલ શિક્ષકોની માહિતી તા.૧૬-૬-૧૮ના રોજ સુપરવાઈઝરશ્રીને મોકલી આપવાની રહેશે.

બિડાણ :- ઓનલાઈન તાલીમ સબંધિત માર્ગદર્શિકા

તા.૦૨-૦૫-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી



**“SAMARTH: ONLINE PROFESSIONAL DEVELOPMENT OF TEACHERS”**

“Educational Innovations Bank”
Ravi J. Matthai Centre for Educational Innovation
Indian Institute of Management Ahmedabad
In partnership with
SARVA SHIKSHA ABHIYAN GUJARAT

विद्याविनियोगाद्विकासः
IIM AHMEDABAD
INDIAN INSTITUTE OF MANAGEMENT AHMEDABAD

# “SAMARTH”

## *Helping students learn, through you*

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

# હેતુ

1. વિદ્યાર્થીઓને શીખવામાં મદદ કરવી, તમારા થકી.
2. તે માટે: અમે તમને પોતાને વિકસાવવાની તક આપવાનું લક્ષ્ય રાખીએ છીએ.

# કેવી રીતે?

1. ટેકનોલોજીના માધ્યમ દ્વારા શિક્ષકોને શિક્ષણ પોતાની અનુકુળતાએ પ્રાપ્ત થાય.
2. નવા સત્રથી શરુ થનાર NCERT અભ્યાસક્રમના આધારે બનેલ નવી પુસ્તીકાઓ ગણિત અને વિજ્ઞાન વિષયને ધ્યાનમાં રાખીને સાહિત્ય રજુ કરવામાં આવેલ છે.
3. શિક્ષકોના સફળ નવીન પ્રયોગોનો તાલીમ સાહિત્યમાં સમાવેશ કરી એક નવો અભિગમ કેળવવો.
4. આ ઉપરાંત વર્ગખંડ સંચાલન, શાળા સર્વગ્રાહી મૂલ્યાંકન અને શાળામાં ICT નો ઉપયોગ અંગેના વર્તમાન ખ્યાલો અને પદ્ધતિઓની આપ સમજણ મેળવશો.
5. ટેકનોલોજી દ્વારા શિક્ષકોના નવીન પ્રયોગોની આપ-લે વધારવી/ફેલાવો કરવો.

# કાર્યક્રમની રૂપરેખા

1. આ કાર્યક્રમમાં ગુજરાતના ધોરણ ૬,૭ અને ૮ ના ગણિત અને વિજ્ઞાનના વિષય શિક્ષકો ને જોડવામાં આવેલ છે.
2. આ કાર્યક્રમમાં શિક્ષકો ૨ ગ્રુપમાં વિભાજીત હશે.
3. ગ્રુપ A ના શિક્ષકો નો ટીચર કોડ "SA" થી શરુ થશે. અને ગ્રુપ B નો "SB" થી શરુ થશે.
4. ગ્રુપ A ની તાલીમ તારીખ ૨૦/૦૫/૨૦૧૮ (સંભવિત)થી શરૂ થશે. ગ્રુપ B ની તાલીમ ઓગસ્ટ મહિનામાં (સંભવિત) શરુ કરવામાં આવશે જેની વિગત વેબસાઈટ પર મુકવામાં આવશે અને ઇ-મેલ તથા SMS દ્વારા જણાવવામાં આવશે.

# તાલીમમાં સમાવિષ્ટ મોડ્યુલ

**તાલીમ કાર્યક્રમના મોડ્યુલ નીચે મુજબ બે વિભાગમાં વહેચાયેલ છે.**

| વિભાગ - ૧ | વિભાગ - ૨ |
|---|---|
| MODULE 1.1 - ગણિત | MODULE 2.1 - વર્ગખંડ સંચાલન : હકારાત્મક શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ કરવું |
| MODULE 1.2 - વિજ્ઞાન | MODULE 2.2 - શાળા સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિની સમજ અને અમલીકરણની પદ્ધતિઓ |
| | MODULE 2.3 - શાળામાં ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ |

# દરેક મોડ્યુલમાં આપને નીચે મુજબનું વાંચન મટીરીયલ ઉપલબ્ધ હશે

1. મોડ્યુલને શીખવાનો હેતુ
2. વિષય વસ્તુને લગતી માહિતી/સમજણ
3. વિષય વસ્તુ આધારિત કેસ સ્ટડી
4. કેસ સ્ટડી આધારિત અધ્યયન
5. છેલ્લે ૧૦ પ્રશ્નો આધારિત અધ્યયન કરવાનું રહેશે.

# આપની ભૂમિકા શું છે?

- દરેક મોડયુલમાં કેટલાક પેટા-મોડયુલ છે. દરેક મોડયુલમાં મુદ્દાઓની યાદી છે જે તમારે આવરી લેવાના છે. જયારે તમે મુદ્દા પર ક્લિક કરશો ત્યારે એ મુદ્દાનું પાનું ખૂલશે;
- જેમાં મુદ્દાનો પરિચય મુદ્દાને આધારિત ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગની વિગત, ફોટા અને વિડીઓ લીંક આપવામાં આવેલ છે.
- તમે મુદ્દો પૂરો કરો એટલે ડાયરીમાં તમારા નિરીક્ષણો નોધી લો, જો કે આ ફરજીયાત નથી. જો તમે ઈચ્છો તો મોડયુલના અંતે ડાયરીની વિગત (ફોટો, સ્કેન) અમારી પાસે જમા કરાવી શકો છો.
- તમારા બધા પ્રકરણો પતી જાય પછી પ્રશ્નોનો પર ચિંતન કરો અને તમારા મંતવ્ય રજુ કરો.
- કોર્સના અંતે પ્રોજેક્ટ બનાવીને જમા કરાવો. પ્રોજેક્ટ જમા કરાવવા અંગેની વધારાની વિગતો મોડયુલમાં જણાવવામાં આવેલ છે.


# આપે અમુક સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

1. કાર્યક્રમ પૂર્ણ કરવા માટેની સમયસીમા નિશ્ચિત હશે તે સમયસીમાનું પાલન કરવું.
2. આપના પ્રશ્નો ની તથા કાર્યક્રમ વિષયક ચર્ચા ફક્ત FACEBOOK PAGE (જેમાં આપને જોડવામાં આવશે) તેમાં જ કરવાની રહેશે.
3. ગ્રુપ B ના શિક્ષકો સાથે કોઈ પણ મટીરીયલ શેર ન કરવું, નહીતો તેમની તાલીમની અસરકારકતા પર ફેર પડશે.
4. પ્રમાણ પત્ર મેળવવા માટે આપે તાલીમ પૂર્ણ કરવી જરૂરી છે.

# ઓનલાઈન તાલીમ દરમિયાન ખાસ ધ્યાનમાં રાખવાની બાબતો


1. આ કાર્યક્રમમાં ભાગ લેનારા બધા શિક્ષકો માટે ફેસબુક ગ્રુપ બનાવેલ છે જેની લીંક અહી છે (https://www.facebook.com/groups/199171664473195/). આપે આ ગ્રુપમાં જોડાવવાનું રહેશે.
2. આપના કોઈ પણ પ્રશ્નો કે મુંજવણ હોય તે આપે ફક્ત ફેસબુક ગ્રુપમાં જ જણાવવાના રહેશે. (ફેસબુક ગ્રુપ સિવાય કોઈ પણ માધ્યમથી પ્રશ્નો પૂછવા નહિ.)
3. તમે તમારો મોબાઈલ ડેટા, ઈન્ટરનેટની સગવડવાળું શાળાનું અથવા ઘરનું કમ્પ્યુટર વાપરીને તાલીમ મોડયુલનું અધ્યયન કરી ને તાલીમ પૂર્ણ કરી શકો છો. આપ આપની અનુકુળતાએ સમય ફાળવીને તાલીમ કરી શકો છો.
4. કાર્યક્રમ સંતોષકારક રીતે પૂર્ણ કર્યા પછી (પ્રોજેક્ટ જમા કરાવવામાં આવે પછી) આપને તાલીમ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર(ઈ-સર્ટીફીકેટ) SSA દ્વારા આપવામાં આવશે.

સમર્થ કાર્યક્રમમાં જોડવા માટે www.inshodh.org website પર જાઓ. ત્યાં તમને "સમર્થ" કાર્યક્રમની લીંક દેખાશે.



તેના પછી આપ LOGIN પેજ પર જશો.
સૌથી પેહલા આપે જે મોબાઈલ નંબર આપ્યો હશે તે લખો. ટીચર કોડ લખો. અને


અમારા દ્વારા આપવામાં આવેલ કોમન પાસવર્ડ લખવાનો રહેશે.




# કોમન પાસવર્ડ બદલી તમારો પોતાનો ખાનગી PASSWORD રાખો.



# ત્યાર બાદ આપે આપની પ્રોફાઈલ અપડેટ કરવાની રહેશે.



# પછી આપની સમક્ષ ચિંતન માટેનું પેજ આવશે જેમાં આપને કોઈ એક ઉત્તર ચયન કરી તેના પર ક્લિક કરવાનું રેહશે.



# ચિંતન પૂર્ણ કર્યા બાદ આપ કાર્યક્રમની પ્રસ્તાવના પર જશો જે આપે ધ્યાનથી વાંચવાની રહેશે.

Dashboard > Terms and Condition


**Success:** Pre test submitted successfully

## સમર્થ: શિક્ષકોનો ઓનલાઈન પ્રોફેશનલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

અભિનંદન! સમર્થ: શિક્ષકોનો ઓનલાઈન પ્રોફેશનલ ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં આપનું સ્વાગત છે. સર્વ શિક્ષા અભિયાન ગુજરાત દ્વારા પ્રાયોજિત અને ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ દ્વારા આ કાર્યકર્મ સંચાલિત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં આપવામાં આવેલ વાંચન સામગ્રી અને કેસસ્ટડી નવા સત્રથી શરુ થનાર NCERT અભ્યાસક્રમના આધારે બનેલ નવી પુસ્તીકાઓ ગણિત અને વિજ્ઞાન વિષયને ધ્યાનમાં રાખીને રજુ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વર્ગખંડ સંચાલન, શાળા સર્વગ્રાહી મૂલ્યાંકન અને શાળામાં IT નો ઉપયોગ અંગેના વર્તમાન ખ્યાલો અને પદ્ધતિઓની આપ સમજણ મેળવશો. અમને ખાતરી છે કે આ કોર્સમાં ભાગ લેવામાં તમને મજા આવશે અને તમે વર્ગખંડ સંચાલન, વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર અને ગણિત-વિજ્ઞાન વિષયના કઠીન મુદ્દાઓની વિદ્યાર્થીઓને સમજુતી અંગેની સારી સમજણ કેળવશો.

આ તાલીમ કાર્યક્રમમાં ગુજરાતના ધોરણ ૬,૭ અને ૮ ના ગણિત અને વિજ્ઞાનના વિષય શિક્ષકો ને જોડવામાં આવેલ છે.

# ત્યારબાદ આપ હોમ પેજ પર જઈ શકશો, જેના પર આપને પાંચ મોડ્યુલ જોવા મળશે.



# મોડ્યુલના પહેલા મુદ્દા પર ક્લિક કરો એટલે સાહિત્ય વિગત દેખાશે, જે આપ વિસ્તાર પૂર્વક વાંચજો.

ધોરણ-6
એકમ-4-ભૂમિતિના પાયાના ચલો
વક્ર

પ્રસ્તાવના:

આપણા રોજિંદા જીવનમાં દરરોજ વિવિધ વસ્તુઓને આપણે ઉપયોગ કરીએ છીએ. આપણે વપરાશમાં લેવાતી આ વસ્તુઓને ભૂમિતિના ખ્યાલથી જોવાનો અને અવલોકન કરવાનો પ્રયત્ન કરવો જ રહ્યો તથા બાળકોને એ દિશામાં વિચારતાં કરવાં જ રહ્યાં. મૂળાક્ષરો લખવા માટે સીધી કે વાંકી-ચૂકી લીટીઓ દોરવી પડે છે. ચિત્રકામ કરવા માટે આપણે જુદાં-જુદાં વળાંકો દોરીએ છીએ. આપણી શાળામાં રંગોળીકામમાં જુદીજુદી વક્ર લીટીઓ દોરીએ છીએ. આવો આવા વક્ર વિશે વિદ્યાર્થીઓને કેવી રીતે સમજાવશું તે સમજીએ.

શીખવાનો હેતુ:

- હું વિદ્યાર્થીઓને વક્રનો પરિચય કેવી રીતે આપીશ ?
- હું વિદ્યાર્થીઓને બંધ વક્ર દ્વારા બનતા ભાગ વિશે કેવી રીતે સમજાવીશ ?


અધ્યયની નિષ્પત્તિઓ:

- વિદ્યાર્થીઓ વક્ર વિશે અને બંધ વક્રના ભાગ વિશે સમજ મેળવે છે.

પૂર્વ તૈયારી:

- વિદ્યાર્થીઓની બિંદુ, રેખા, કિરણ, રેખાખંડ, વિશેની સમજની પૂર્વ ચર્ચા કરવી પ્રવૃત્તિ અને પ્રશ્નોત્તરી દ્વારા ચકાસણી કરવી.
- આપણી આજુબાજુ જોવા મળતાં વક્રના ચિત્રોનો ચાર્ટ બનાવવો. ફ્લેશ કાર્ડ બનાવવો.
- વિદ્યાર્થીઓ પાસે તેમની આજુબાજુના જોવા મળતા પદાર્થો વસ્તુઓ આકૃતિઓની યાદી બનાવડાવી તેમાં સમાયેલા ભૂમિતિના ખ્યાલે વિશે ચર્ચા કરવી.


વિષયવસ્તુની સમજ/વ્યાખ્યા:
વક્ર:- માપપટ્ટીનો ઉપયોગ કર્યા વગર પેન્સિલ ઉપાડ્યા સિવાય દોરેલા આકારોને વક્ર કહેવાય છે.



(A) (B) (C) (D) (E)

અહીં દોરેલ ચિત્રો જુઓ આ ચિત્રો ક્યાંય જોયાં છે ? બીજાં આવાં કયાં કયાં ચિત્રો જોયેલાં છે ? ચર્ચા કરો.
આ દોરવા માટે માપપટ્ટીનો ઉપયોગ થતો નથી. તેને પેન્સિલ વડે સીધા જ દોરી શકાય છે.

- સીધી રેખાને પણ વક્ર ગણી શકાય.
- સાદા વક્રો: જે વક્રો એકબીજા પરથી પસાર ન થાય તે વક્રોને સાદા વક્રો કહે છે.



(a) (b)

- પ્રવૃત્તિ-1-
- શિક્ષકે બોર્ડમાં  જેવી 10 આકૃતિઓ દોરવી.
- દરેક આકૃતિ વિશે ચર્ચા કરી ખુલ્લા અને બંધ વક્રની સમજ આપવી.
- ઉપરની આકૃતિઓમાં એકબીજા પર પસાર થયા હોય તેવા વક્ર અને એકબીજા પરથી પસાર ન થાય તેવા વક્ર શોધી બતાવવા કહેવું અને સાદા વક્ર અને સાદા ન હોય તેવા વક્રની સમજ આપવી.

પ્રવૃત્તિ-1:-

- શિક્ષક વિદ્યાર્થીઓને વર્તુળાકારે ઉભા રાખી એકબીજાના હાથ પકડી બંધ વક્ર જેવી રચના બનાવડાવશે.
- 2-3 બાળકોને અંદરના ભાગે અને 2-3 બાળકોને બહારના ભાગે બેસાડી પ્રશ્નોત્તરી કરાવવી.

# દરેક મુદ્દામાં ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગની વિગત, ફોટા અને વિડીઓ લીંક આપેલ છે.

≡ કેન્દ્રિત શાળા નું નિર્માણ

‹ Go back to Topics

નવતર પ્રવૃતી ની વિગત | પ્રવુતિ આધારિત અધ્યયન કરીએ.

| | |
|---|---|
| Teacher Name: | રાકેશકુમાર પટેલ |
| Address: | નવાનદીસર પ્રાથમિક શાળા, તાલુકો - ગોધરા,જિલ્લો - પંચમહાલ |
| Contact: | 9974598817 |
| Email: | gitansh2007@gmail.com |
| Google Form URL: | - |

**Detail:**

નવતર પ્રયોગ માટે પ્રેરિત કર્યા હોય તેવી સમસ્યાનું વર્ણન : વિદ્યાર્થી કેન્દ્રિત શાળાની સ્થાપના કરવી.

નવતર પ્રયોગની સંપૂર્ણ વિગત : જેમાં ભણાવવાની પદ્ધતિ, વિષય-વસ્તુ, વર્ગખંડનું માળખુ જેવા મુદ્દાઓ વિષે નિર્ણય લેવામાં વિદ્યાર્થીઓની સહભાગિતા હોય અને તેમના મંતવ્યોને પણ સમાન મહત્વ મળે. અધ્યયનની પદ્ધતિ, માળખું, વિષયવસ્તુ જેવી બાબતો વિષે નિર્ણય લેવામાં વિદ્યાર્થીઓને સામેલ કરવા. નીચે જણાવેલ મુદ્દાઓ ઉપર નિર્ણય લેવામાં પણ વિદ્યાર્થીઓને સામેલ કર્યા.

- શાળામાં શું મેળવવા જવું?
- વર્ગમાં જુદી જુદી વસ્તુઓ ક્યાં રાખવી?
- નવી વસ્તુઓ ક્યાં બનાવવી ?
- કયું પુસ્તક ક્યારે વાંચવું?
- વિદ્યાર્થીઓને ઉપરના મુદ્દાઓ પર ચર્ચા કરવા અને નિર્ણય લેવા માટે પ્રેરો.
- વિષય-કેન્દ્રિતના બદલે વિદ્યાર્થી-કેન્દ્રિત બનવા માટે આપના અભિગમમાં ફેરફાર કરો.
- વાલીઓ સાથે સારા અને હકારાત્મક સબંધો કેળવો અને વિદ્યાર્થીઓને તેમની પાસેથી શીખવા માટે પ્રોત્સાહિત કરો.
- ગાયન, ચિત્ર-કળા, નૃત્ય જેવી અન્ય ઈત્તર-કળા પ્રવૃત્તિઓ દ્વાર વિદ્યાર્થીઓમાં નવા કૌશલ્યોનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરો.
- વિદ્યાર્થીઓને તેમના પ્રતિભાવ આપવા માટે પ્રોત્સાહિત કરો અને તે મુજબ ભણવવાની પદ્ધતિમાં જરૂરી ફેરફાર કરો.
- નવતર પ્રયોગ વિશેની માહિતી, તેની પ્રગતિ અને તેની અસરકારકતાને બ્લોગ, ફેસબુક જેવા અદ્યતન માધ્યમ દ્વારા અન્ય શાળાઓ સાથે વહેંચો.

**Photo:**







જેનું અધ્યયન કરવું અને નવતર પ્રયોગની વિગત બાદ આપેલ “અધ્યયન કરો” લીંક પર ક્લિક જવાબ આપવા વિનંતી.



# મોડ્યુલના તમામ મુદ્દા પુરા થયા પછી એક ચિંતન કરવામાં આવશે તેની લીંક મોડ્યુલ ૧૦૦% પૂર્ણ કર્યા બાદ ખુલશે.



# બાકીના મોડ્યુલ

- આજ પ્રમાણે બીજા મોડ્યુલ પૂર્ણ કરો.
- બધા (પાંચ) મોડ્યુલ પૂર્ણ કર્યા બાદ જ આપ પ્રોજેક્ટ સબમીશન પર જઈ શકશો.
- પ્રોજેક્ટ સબમીશન માટેની માર્ગદર્શિકા આપ ત્યાં જોઈ શકશો.

# પ્રોજેક્ટ

- પ્રોજેક્ટ માટેની વિગતવાર ગાઈડલાઈન્સ પણ તમને મોકલવામાં આવશે અને તમને WEBSITE પર પણ જોવા મળશે.
- પ્રોજેક્ટની વિગત સાથે ફોટા અને નાનો વીડિયો પણ મોકલવાનો રેહશે.
- પ્રોજેક્ટ તમારે ONLINE સબમિટ કરવાનો રેહશે ત્યાર બાદ એક સ્વચીંતનનું પત્રક ભરવાનુ રેહશે જે ફરજીયાત છે. પછીજ આપની તાલીમ પૂર્ણ ગણાશે.
- તાલીમ પૂર્ણ થયા બાદ આપને તાલીમ પૂર્ણ થયાનું ઈ-પ્રમાણ પત્ર મળશે.

# મુંજવણ/પ્રશ્નો

- આપ અમને ઈ-મેલ (samarth@iima.ac.in) મારફતે અથવા Facebook Page: SAMARTH: "ONLINE PROFESSIONAL DEVELOPMENT OF TEACHERS" પર આપની મુંજવણ જણાવી શકો છો અમે તેને સફળતાપૂર્વક ઉકેલવાનો પ્રયત્ન કરીશું.
- મુંજવણ જણાવતી વખતે આપનો કોડ નંબર જણાવવો જરૂરી છે.
- આ ઉપરાંત આપે અપનો ઈ-મેલ તથા SMS નિયમિત રૂપે ચેક કરતા રહેવું. કાર્યક્રમની તમામ વિગત આ માધ્યમથી જણાવવામાં આવશે.

# આભાર

નવા પ્રકારના અભિગમના પ્રયાસમાં પૂર્ણ સહકાર આપશો એવી અપેક્ષા છે. ક્ષમતા વર્ધનના ક્ષેત્રમાં એક નવું પગલું ભરીયે.